# ૬.૧૩ સમાધિમરણ મેળવવા શું શું કરશો?

સમાધિ મરણ એટલે? ચિત્તની નિર્મળ-શાંતિ-પવિત્ર ભૂમિકા અંત સમયે ન કોઈ હાય-વોય હોય, ન કોઈ ઉપાધિકોય, ન કોઈ તાપ-સંતાપ હોય, ખુબ સાહજિક રીતે દેવ-ગુરુ અને ધર્મનું માત્ર સ્મરણ ધૂન કે પ્રસન્નતાનો ભાવ હોય તે સમાધિમરણ.

જીવનમાં જે ડગલે-પગલે સમાધાન કરતો રહે છે. વાદ-વિવાદને બદલે સંવાદ સાધતો રહે છે. તર્ક - તકરારને સ્થાને ધર્મ-કર્મનો એકરાર કરતો રહે છે. તેને માટે સમાધિ સુલભ હોય છે.

જેને અંત સમયે સમાધિ મળે છે. શાંતિ મળે છે. અંદર-બહાર-પવિત્રભાવ વાતાવરણ અને ઉત્તમ સાધુ વ્યક્તિઓ મળી રહે છે. તેના જીવનના અંત પછી ચોક્કસ સદ્‌ગતિ મળી રહે છે. આવતાભવે વધુ આત્મવિકાસના માર્ગે આગળ પહોંચે છે. અધૂરી આરાધના - સાધના પૂર્ણ કરવાના તમામ સંજોગો મળતાં રહે છે. શાસ્ત્રમાં સમાધિ મરણને પંડિત મરણ પણ કહેવામાં આવ્યું છે. અને તેનો ખુબ જ અનેરો મહિમા ગવાયો છે. જીવનની સાચી સફળતા કે પ્રાપ્ત કરેલા સુકૃતો - સદ્‌ગુણોનો સરવાળો અંત સમયે કેટલી. કેવી શાંતિ મળી? અને નવકારમંત્રના સ્મરણ આદિ સાંભળવા મળે છે? તેના ઉપરથી અનુમાન કરી શકાય છે.

મહાજ્ઞાની ચૌદ પૂર્વધર સાધુ ભગવંત તેમ જ આરાધક જીવોની પણ અંતિમ સમાધિ ચૂંથાઈ ન જાય તે માટે ઉત્તર સાધક મરણ સમયે રાખે છે. જૂના વસ્ત્રો કાઢી નવાં વસ્ત્રો પહેરવાનો આનંદ કેવો? તેવો આનંદ મરતાં રહેવો જોઈએ. કોઈ ઉત્તમ સ્થાને જવાનું હોય ત્યારે ઉલ્લાસ - ઉમંગ અંતરમાં હોય છે તેવો આનંદ અંરમાં પ્રવર્તે તો સમાધિ મરણની મસ્તી શાંતિ સમતા હોવી જોઈએ.

**સામાન્ય મરણ.**

આખી જિંદગી સંસારમાં ધન વૈભવ-કુટુંબ કબીલા વગેરેની આસક્તિમાં ગઈ હોય, અનેક પાપો કર્યા હોય ને તે મેળવી પછી સદાને માટે છોડવાની હોય તેની અંતરમાં ઘેરી વેદના મરણ સમયે સતાવતી હોય છે. હૈયામાં હોળી સળગતી હોય છે તેની આસક્તિ મરણ બગાડી નાખે છે, ધર્મી જીવે આખી જીંદગી ધર્મ કર્યો હોય પરંતુ તેનું પણ મરણ અંતિમ સમયે ભૌતિક વસ્તુની આસક્તિ બગાડી મૂકે છે.

જન્મ્યો એ મરવાનો નક્કી છે. મરતી વખતે તીવ્ર વેદના હોય છે. જેથી મરતી વખતે સ્તવનો આરાધનાઓ બોલી કરાવાય છે. પરંતુ તીવ્ર વેદનાના સમયે ચિત્તની સ્થિરતા રહેતી નથી. માટે દરરોજ તે નહિ બને તો અઠવાડિયે - પંદર દિવસે છેવટે મહિને ને બને તો બાર મહિને - એકવાર અંત સમય પહેલાં આરાધના કરવાની છે. આરાધના કરનાર આ ભવ સુધારે તો આવતો ભવ સુધરે. પરંપરાએ મોક્ષગામી બને છે.

આ જીવનું ભવાંતર સુધારવા દશ પ્રકારો બતાવ્યા છે.

૧) અતિચારો લાગ્યા હોય તેની આલોચના કરવાની છે.

૨) વ્રતો લીધાં હોય તે ફરી ઉચ્ચરી લેવાના છે.

૩) સર્વ જીવો પ્રત્યે રાગ-દ્વેષ થયા હોય તેની ક્ષમાપના કરવાની છે.

૪) અઢાર પાપો સેવ્યા હોય તેને વોસીરાવવાનાં છે.

૫) ચાર શરણા સ્વીકારવાના છે.

૬) દુષ્કૃત્યોની નિંદા કરવાની છે.

૭) સુકૃત્યોની અનુમોદના કરવાની છે.

૮) શુભ ભાવના ભાવવાની છે.

૯) ચાર આહારનો ત્યાગ કરવાનો છે.

૧૦) શ્રી નવકારમંત્રનું સતત સ્મરણ કરતાં રહેવાનું છે.

વ્યક્તિનો અંત સમય નજીક લાગે કે કોઈ આકસ્મિક કારણે જીવ બેભાનમાં હોય તો પણ તેમને ધર્મનું શરણ અને સ્મરણ આપવા મહા કારુણિક પુરુષોએ જે –જે શ્રવણ કરાવવાનું જણાવ્યું છે તે સંજોગ પ્રમાણે કરતાં કરાવતાં રહેવું.

## સત્તર પ્રકારના મરણ

| | | |
|---|---|---|
| આવીચી મરણ | : | ક્ષણે – ક્ષણે જે આયુષ્ય ઓછું થાય છે તેને આવીચી મરણ કહેવાય. |
| અવધિ મરણ | : | દેવો, નરકો કે યુગલિકોની જેમ અવધિ–મર્યાદાથી મરે તે અવધિ મરણ કહેવાય. |
| આત્યંતિક મરણ | : | નરકાદિ કર્મદળિકોને ભોગવીને મરે અને મરેલ ફરીવાર તે દળિકને ભોગવી મરશે નહીં. આવું જે મરણ તે આત્યંતિક મરણ કહેવાય. |
| બલા (વલન) મરણ | : | સંયમ યોગોથી ઉદ્વિગ્ન થઈ જે મરે તેને વલનમરણ કહેવાય. |
| અંતઃશલ્ય મરણ | : | ઈંદ્રિયોને વશ થઈને મરે તેને વસાર્ત મરણ કહેવાય. |
| તદ્ભવ મરણ | : | અત્યારે જે ભવમાં હોય, તે જ ભવનું આયુષ્ય બાંધીને મરે તેને તદ્ભવ મરણ કહેવાય. |
| બાલ મરણ | : | અવિરતિપણામાં મરે તેને બાલમરણ કહેવાય. |
| પંડિત મરણ | : | સર્વવિરતિ (સાધુ)પણામાં મરે તેને પંડિત મરણ કહેવાય. |
| મિશ્રમરણ | : | દેશવિરતિ (શ્રાવક) પણામાં મરે તેને મિશ્રમરણ કહેવાય. |
| છદ્મસ્થમરણ | : | છદ્મસ્થપણામાં જે મૃત્યુ આવે તેને છદ્મસ્થમરણ કહેવાય. |
| કેવળી મરણ | : | કેવળી અવસ્થામાં જે મરણ આવે તેને કેવળી મરણ કહેવાય. |
| વેહાયસ મરણ | : | ગળે ફાંસી ખાઈને મરે, નદીમાં ડુબીને મરે ઈત્યાદિ આપઘાત (આત્મહત્યા) કરીને મરે તેને વેહાયસમરણ કહેવાય. |
| ગુદ્ધપૃષ્ઠ મરણ | : | સિંહ, શિયાળ વગેરેને પોતાનાં શરીરનું ભક્ષણ કરાવીને જે મૃત્યુ લાવવામાં આવે તેને ગુદ્ધપૃષ્ઠ મરણ કહેવાય. |
| ભક્તપરિજ્ઞામરણ | : | સમજણપૂર્વકનો આહારાદિનો ત્યાગ કરીને જે મરે તેને ભક્તપરિજ્ઞા મરણ કહેવાય. |
| ઈંગિનીમરણ | : | અણસણ કરી વૈયાવચ્ચ કરાવવા દ્વારા મૃત્યુ પામે, તેને ઈંગિની મરણ કહેવાય. |
| પાદપોપગમન મરણ | : | પાદપ એટલે વૃક્ષ, વૃક્ષની જેમ અનશન કરતી વેળા જે અંગોપાંગ જે અવસ્થામાં પડ્યાં હોય તે જ અવસ્થામાં રહેવા દે, હલાવે – ચલાવે નહીં તેને પાદપોપગમન અનશન કહેવાય અને આવા પાદપોગમન અનશન થી યુક્ત મરણ પણ પાદપોગમન મરણ કહેવાય. |

**સમાધિ મરણ**

- ભગવંત પાસે માગણી કરવાથી કરગરવાથી કે બોલવાથી ઉપરછલ્લી આરાધના કરવાથી મળતું નથી પરંતુ સમજણપૂર્વકનો પુરુષાર્થ કરવાનો હોય છે. જીવનમાં હૈયાની સાફસૂફી કરી, ચરી–પરેજી પાળી સાફ કરવાનું હોય છે. પછી ધર્મ ઔષધનું પાન કરવાનું છે તો સમાધિ મરણ મળે છે.
- પૂર્વના મહાપુરુષોએ: હૈયામાં પાપની દુર્ગંધ ભરી હોય તેની શુદ્ધિ માટે પોતાના પાપોની (દુષ્કૃત્યો)ની નિંદા બતાવી છે ને વધુ શુદ્ધ કરવા માટે આલોચનાથી સાફ કરવાની કહી છે. નવો કચરો પાપનો નહિ ભરાય તેની ચરી–પરેજી માફક કાળજી રાખવાની છે.

શુદ્ધ યતિધર્મ પાળીને અંતસમયે શરીર અને આયુષ્યનો એક સાથે ક્ષય થાય તે માટે સંલેખના કરવી જોઈએ.

**સંલેખના ત્રણ પ્રકારની છે.**

(૧) ઉત્કૃષ્ટ સંલેખના બાર વર્ષની હોય છે.

(૨) મધ્ય સંલેખના બાર માસની હોય છે.

(૩) જઘન્ય સંલેખના બાર પખવાડીયાની હોય છે.

(૧) **ઉત્કૃષ્ટ સંલેખના :**

પ્રથમ ચાર વર્ષ સુધી એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ ઈત્યાદિ શક્તિમુજબ તપ કરે અને પારણે વિગઈ સહિત એકાસણું કરે.

પછીના ચાર વર્ષ સુધી ઉપવાસ, છઠ્ઠ વગેરે તપ યથાશક્તિ કરે અને પારણે વિગઈ રહિત નીવી કરે.

પછીના બે વર્ષ સુધી એક દિવસ ઉપવાસ અને એક દિવસ આયંબિલ કરે.

પછીના છ માસ સુધી એક ઉપવાસ કે બે ઉપવાસ કરે વધુ (અઠ્ઠમ વગેરે) નહિ અને પારણે આયંબિલ કરે.

પછી છ માસ સુધી અઠ્ઠમ વગેરે તપ કરે અને પારણે પરિપૂર્ણ આયંબિલ કરે.

પછી એક વર્ષ સુધી નિત્ય આયંબિલ કરે. આ છેલ્લા વર્ષમાં આહાર રોજ ઓછો ઓછો કરતા જાય. છેવટે એક કોળિયા રહે. ત્યારબાદ એ એક કોળિયામાંથી પણ એક દાણો ઓછો કરતો જાય. અને વર્ષના અંતે એક દાણાથી આયંબિલ કરે. આમ આ રીતે શરીરને પણ ઘસારો જાય જેથી આયુષ્યનાં ક્ષયની સાથે જ શરીર નો પણ (નષ્ટ પ્રાય:)નાશ થઈ જાય.

**(૨) મધ્યમ સંલેખના** પણ ઉપર મુજબ જ સમજવી. સમય આ પ્રમાણે.

| | | |
|---|---|---|
| પ્રથમ ચાર માસ | = | ઉપવાસાદિ તપ અને પારણે એકાસણું. |
| પછી ચાર માસ | = | ઉપવાસાદિ તપ અને પારણે નીવી. |
| પછી ૧૫ દિવસ | = | ઉપવાસ તપ અને પારણે આયંબિલ |
| પછી ૧૫ દિવસ | = | એક થી બે ઉપવાસ પારતે આયંબિલ (ઉણોદરી સહિત) |

પછી ૧૫ દિવસ = અઠ્ઠમાદિ તપ અને પારણે આયંબિલ (પરિપૂર્ણ)

પછી એક માસ = નિરંતર આયંબિલ (આહાર ઓછો કરતાં જવું.)

(3) અને આ રીતે **જઘન્ય સંલેખના** પણ જાણવી

૪ + ૪ + ૨ + ૧/૨ + ૧/૨ + ૧ = ૧૨ પખવાડીયા. (છ માસ)

**દુષ્કૃત્યોની નિંદા**

૧) પ્રાણાતિપાત : મારા જીવે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવે કરીને જાણતાંકે અજાણતાં ઈચ્છાથી કે અનિચ્છાથી અનેક જીવોની ખૂબ ખૂબ હિંસા કરી છે તે બધા હિંસાના પાપની મન–વચન–કાયાથી નિંદા કરું છું મારું તે પાપ મિથ્યા થાઓ. મિથ્યા થાઓ.

૨) મૃષાવાદ : મારા આત્માએ જૂઠું ઘણું બોલ્યું છે. ક્રોધ–લોભ–ભય–કે હાસ્યથી હું જે કાંઈ અસત્ય વચનો બોલ્યો હોઉં તેની મન, વચન, કાયાથી નિંદા કરું છું.

3) અદત્તાદાન : મારા આત્માએ લોભથી–અસંતોષથી –વિશ્વાસઘાત–લુચ્ચાઈ વગેરેથી કોઈનું પડાવી લીધું હોઉં તે બધાંની હું મન, વચન, કાયાથી નિંદા કરું છું. મારું તે પાપ મિથ્યા થાઓ.

૪) અબ્રહ્મ : મારા આત્માએ કામ ભોગને ભોગવવાની ઈચ્છાઓ તૃષ્ણાઓ કરી હોય, મન–વચન–કાયાને મલિન કર્યા હોય, કુદૃષ્ટિ ચેનચાળા કરી ઘણાં પાપો કર્યા હોય તેની નિંદા કરું છું. તે મારાં પાપો મિથ્યા થાઓ.

૫) પરિગ્રહ : લોભ વડે ખૂબ પરિગ્રહ ભેગો કર્યો હોય ને પાપોથી મારા આત્માને વાસીત કર્યો હોય તે સર્વની નિંદા કરું છું. તે મારાં પાપો મિથ્યા થાઓ.

આ પાંચ મહાપાપો ખાતર ક્રોધ–માન–માયા–લોભ–રાગ–દ્વેષ–કલહ–અભ્યાખ્યાન–પૈશુન્ય–રતિઅરતિ–પરપરિવાદ–માયામૃષાવાદ–મિથ્યાત્વ શલ્ય કર્યા હોય તે સર્વની હું ખૂબ ખૂબ ત્રિવિધે ત્રિવિધે નિંદા કરું છું

jainuniversity.org

**જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિયં પાવ્વં ।**

**જં જં કાએણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ ॥**

**સુકૃત્યોની અનુમોદના**

૧) શ્રી અરિહંત પ્રભુની મૂર્તિઓ ભરાવી હોય, અંગરચના કરી હોય, આભૂષણો કરાવ્યા હોય, અષ્ટપ્રકારી પૂજા કરી હોય, કરાવી હોય, ચૈત્યવંદનો – સ્તવનો સજઝાયો વગેરેથી શુભ ભાવના ભાવી હોય તે સર્વની હું ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

૨) શ્રી શત્રુંજય–ગિરનાર, આબુ, શિખરજી, પાવાપુરી, રાણકપુર, ચંપાપુરી, રાજગૃહી, તારંગાજી, કુલપાકજી, અંતરિક્ષજી વગેરે તીર્થોની યાત્રા કરી હોય, કરાવી હોય, તેની હું અનુમોદના કરું છું.

3) સાધુ–સાધ્વીઓની ભક્તિ કરી હોય, વૈયાવચ્ચ કરી તેમની જરૂરિયાત આપી હોય, અપાવી હોય, તેમની ભક્તિ, પ્રીતિ, બહુમાન વગેરે કર્યા હોય, કરાવ્યાં હોય તેની હું વારંવાર અનુમોદના કરું છું.

૪) પર્વની આરાધના કરનાર શ્રાવક–શ્રાવિકાઓની ભક્તિ–સંઘ પૂજા કરી –કરાવી હોય તે સર્વની હું

ભાવપૂર્વક ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

૫) **દાન ધર્મ :** અભયદાન–સુપાત્રદાન–અનુકંપાદાન–ઉચિતદાનને કીર્તિદાન વગેરે જે કોઈપણ અપેક્ષા વગર દાન આપ્યું હોય તેની હું વારંવાર અનુમોદના કરું છું.

૬) **શીલ ધર્મ :** સદાચાર, વ્રતો, નિયમો લીધા હોય, પાળ્યા હોય, પળાવ્યા હોય તે સર્વની હું અનુમોદના કરું છું.

૭) **તપધર્મ :** છઠ્ઠ – અઠ્ઠમ – ચાર – આઠ – દશ એક ઉપવાસ આયંબિલ એકાસણા–બેસણા–નવકારશી ચૌવીહાર વગેરે તપો વીશ સ્થાનક વર્ધમાનતપ વગેરે કર્યા હોય તેની ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

૮)**ભાવધર્મ :** બાર ભાવના–ચાર ભાવના, જ્ઞાન દર્શન ચારિત્રને તપની ભાવના ભાવી હોય, દીક્ષા લીધી હોય, સંયમની ભાવના ભાવી હોય તે વગેરેની હું વારંવાર અનુમોદના કરું છું.

૯) સર્વે અરિહંતો – સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓના ઘોરતપો, જાપો, આચારો વગેરે શુભ કરણીની હું વારંવાર અનુમોદના કરું છું.

૧૦) જ્ઞાન દાનમાં મેં પુસ્તકો લખાવ્યાં હોય. છપાવ્યા હોય, જ્ઞાની ને જ્ઞાનનાં સાધનોની બહુમાન ને ભક્તિ કરી હોય તે સર્વની હું અનુમોદના કરું છું.

૧૧) મારી આ અનુમોદના – મારા જીવનમાં ઊતરે–નિરતિચાર તેનું હું પાલન કરું. તેવી રીતે પ્રાપ્ત થાય, પુણ્યાનુબંધી પુણ્ય મેળવી તે અંતે કર્મ મુક્ત થઈ સિદ્ધાવસ્થાનને પામું.

**ગુણવદ્ બહુમાનદે, તિત્ય સ્મૃત્યા સત્ક્રિયા ।**

**જાતંનપાતયેદભાવ, ભ જાતં જનયેદપિ ॥**

ગુણી પુરુષોનું બહુમાન કરવાથી, તેમની સારી ક્રિયા રોજ યાદ કરવાથી જે ભાવ ઉત્પન્ન થયો હોય તો સારો ભાવ જતો નથી અને ભાવ ઉત્પન્ન થતો ન હોય તો શુભ ભાવ ઉત્પન્ન થાય છે. સર્વ અરિહંતો, સિદ્ધો, સર્વ સાધુભગવંતો, અને કેવલી ભાષિત ધર્મનું મને ભવોભવ શરણ હોજો:

**અરિહંતો મહાદેવો, જાવજીવ સુસાહુણોગુરુણો ।**

**જિણપન્નત્તંતતં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં ॥**

**દરરોજ કરવાની નિત્ય આરાધના**

૧) અનુકૂળતા હોય તો દરરોજ પુણ્યપ્રકાશ સ્તવન પદમાવતી જીવરાશી ખમાવવી જોઈએ પરંતુ તે ન બની શકે તો દર મહિને એકવા અવશ્ય વાંચી જવું, છેવટે બાર મહિને દરેક શ્રાવકે બોલી આરાધના કરવી જોઈએ.

૨) મરણ ક્યારે આવાવનું છે તે ખબર નથી જેથી જાગૃતિ આત્માની રાખવા તેમજ આરાધના વગર રહી નહિ જઈએ માટે જરૂર આરાધનાનું બળ રાખવું.

**વિશેષ પ્રકારે ન બની શકે તો સૂતી વખતે નાનીશી આરાધના કરી શયન કરવું.**

(૧) માથે મારા શ્રી મલ્લિનાથ, કાને મારા શ્રી કુંથુનાથ, હૈયે મારા શ્રી પાર્શ્વનાથ

સહાય કરે શ્રી શાંતિનાથ, એ ચારેને હાથ જોડયા કર્યા કર્મ તોડવા;

આદિશ્વર ભગવાનને દેહરે, સોનાનું કોડિયું, રૂપાની વાટ,

આદિશ્વર ભગવાનનું ધ્યાન ધરું તો, સુખે જાય મારી રાત ॥

(૨) શિયળે મારે સંથારે-જ્ઞાન મારે ઓશીકે,

ભરનિંદ્રામાં કાળ કરું તો, આહાર પધિનર્દેહ સર્વ મારે વોસિરે વોસિરે.

(3) નવકારમંત્ર મારો ભાઈ, આપણા બેઉની સાચી સગાઈ,

અંતકાળે આવી જા, મોક્ષનો માર્ગ બતાવી જા ॥

(૪) આહાર શરીરને ઉપાધિ, પચ્ચખુ પાપ અઢાર;

મરણ થાય તો વોસિરે, જીવું તો મારે આગાર ॥

**ચાર મંગલ:**

ચત્તારિ મંગલં - અરિહંતામંગલં - સિદ્ધા મંગલં,

સાહૂ મંગલં - કેવલી પન્નતો ધમ્મો મંગલં. ॥૧॥

**લોકમાં ચાર ઉત્તમ**

ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા

સાહૂ લોગુત્તમા, કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમો ॥૨॥

**ચાર શરણ:**

ચત્તારિ શરણં પવજ્જામિ - અરિહંતે શરણં પવજ્જામિ,

સિદ્ધે શરણં પવજ્જામિ - સાહૂ શરણં પવજ્જામિ

કેવલી પન્નતં - ધમ્મં શરણં પવજ્જામિ ॥૩॥

jainuniversity.org

પછી સંથારા પોરિસીની ગાથાઓ ગણવી.

**ચાર શરણા:**

મુજને ચાર શરણ હોજો, અરિહંતે સિદ્ધ સાધુજી,

કેવલી ધર્મ પ્રકાશીયો, રત્ન અમુલખ લાધ્યુંજી ॥૧॥ મુજને.

ચિંહુ ગતિ તણા દુ:ખ છેદવા, સમરથ શરણા એ હોજી;

પૂર્વે મૂનિવર જે હુવા, તેણે કીધાં શરણાં એ હોજી ॥૨॥ મુજને.

સંસારમાં રહી જીવને, સમરથ શરણાં ચારોજી,

ગણિ સમય સુંદર એમ કહે, કલ્યાણ મંગળ કારે જી. ॥૩॥ મુજને.

**૮૪ લાખ જીવોની ક્ષમાપના:**

લાખ ચોરાશી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકજી;

મિચ્છામિ દુક્કડં દીજીએ, જિન વચને લહીએ ટેકજી. ॥૧॥ લાખ.

સાત લાખ ભૂ-દાગ-તેઉ વાયુના, દશ ચૌદે વનના ભેદોજી;

ષટ્ વિગલ સુરતિરિ નારકી, ચઉ ચઉ ચૌદે નરના ભેદોજી. ॥૨॥ લાખ.

મુજને વૈર નહિ કોઈશું સર્વશું મૈત્રી ભાવોજી;

ગણિ સમય સુંદર એમ કહે, પામીએ પુણ્ય પ્રભાવેજી. ॥૩॥ લાખ.

**૧૮ પાપ સ્થાનકોને વોસરાવવા**

પાપ અઢારે જીવ પરિહરો, અરિહંત સિદ્ધની સાખેજી;

આલોવ્યા પાપ છૂટીએ, ભગવંત ઈણ પરે ભાખેજી ॥૧॥ પાપ.

આશ્રવ કપાય દોય બાંધવા, વળી કલહ અભ્યાખ્યાનજી;

રતિ અરતિ પશુન નિંદના, માયા મોહ મિથ્યાત્વજી ॥૨॥ પાપ.

મન વચન કાયાએ જે કીયા, મિચ્છામિ દુક્કડ તે હોજી;

ગણિ સમય સુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એ હોજી ॥૩॥ પાપ.

**અંતિમ શુભ ભાવના**

ધન ધન ને દિન મુજ કદિ હોશે, હું પામીશ સંજમ શુધોજી;

પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરુ વચને પ્રતિ બુદ્ધોજી ॥૧॥ ધન.

અંતપ્રાતં ભિક્ષા ગોચરી, રણવને કાઉસગ્ગ કરશુંજી;

સમતા શત્રુ મિત્ર ભાવશું, સંવેગ શુદ્ધો ધરશું જી ॥૨॥ ધન.

સંસારના સંકટ થકી, છૂટીશ જિનવચને અવતારોજી;

ધન્ય સમય સુંદર તે ઘડી, હું પામીશ ભવનો પારોજી ॥૩॥ ધન.

**અંતિમ પ્રાર્થના**

શિવ મસ્તુ સર્વ જગત, પરહિત નિરતા ભવન્તુ ભૂત ગણા:

દોષા પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખી ભવતું લોકા:

ભાવાર્થ : અખિલ વિશ્વનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરોપકારમાં તત્પર બનો. વ્યાધિ - દુ:ખ દોર્મનસ્વાદિ નાશ પામો અને સર્વ સ્થળે લોકો-મનુષ્યો સુખ ભોગવનારા થાઓ.

ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમન્તુમે,

jainuniversity.org

મિત્તીમે સવ્વા ભૂએસુ, વૈરંમજઝં ન કેણઈ ॥

**શ્રી પ્રભુ ભગવાન મહાવીર સ્વામી ભગવંતના**

**પચ્ચીસમાં ભવમાં શ્રી નંદન મહામુનિરાજની અંતિમ આરાધના (ગુજરાતી ભાષાંતર)**

૧) કાળ વિનયાદિ આઠ પ્રકારનો જ્ઞાનાચાર છે. તેમાંથી મારા થયેલા કોઈપણ અતિચારની ત્રિવિધે ત્રિવિધે મન-વચન-કાયાથી નિન્દા કરું છું.

૨) શંકારહિતપણું આદિ આઠ પ્રકારનો દર્શનાચાર છે. તેમાં જે અતિચાર થયો હોય તેને મન-વચન-કાયાથી દૂર કરું છું.

૩) સૂક્ષ્મ અથાવ બાદર-નાની અથવા મોટી- પ્રાણીઓની જે હિંસા કરી હોય, મોહથી કે લોભથી તેને ત્રિવિધે  વોસિરાવું છું.

૪) હાસ્ય-ભય-લોભ-ક્રોધથી ને જૂઠું મારાથી બોલાયું હોય, તે સર્વની હું નિંદા કરું છું. અને પ્રાયશ્ચિત કરું છું.

૫) થોડું અથવા વધારે- જે કાંઈ આપેલું - પારકું દ્રવ્ય ગ્રહણ કર્યું હોય - રાગથી કે દ્વેષથી તે સર્વને હું વોસીરાવું છું.

૬) તિર્યંચ-મનુષ્ય-દેવ-સંબંધી મૈથુન પહેલાં મારાથી થયું હોય, કરવા કરાવવા અને અનુમોદનારૂપે થઈ હોય તેને ત્રિવિધે ત્રિવિધે હું વોસીરાવું છું.

૭) અનેક પ્રકારે જે ધન-ધાન્ય-પશુ આદિનો પરિગ્રહ લોભે કરીને કર્યો હોય તેને ત્રિવિધે ત્રિવિધે વોસીરાવું છું.

૮) પુત્ર-સ્ત્રી-મિત્ર-બંધુ-ધાન્ય-ઘર અને બીજી વસ્તુઓમાં પણ જે મમત્વ ધર્યું હોય તેને વોસીરાવું છું.

૯) ઈંદ્રિયોથી અભિભૂત બનીને, રાત્રિને વિષે જે ચારે પ્રકારનો આહાર કર્યો તેને ત્રિવિધિ નિંદુ છું.

૧૦) ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-ચાડી-પરનિન્દા-આળ ચઢાવવું.

૧૧) તેમજ ચારિત્રના આચાર વિષયમાં જે દુષ્ટ આચરણ કર્યું હોય તેને હું સર્વ રીતે ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું.

૧૨) બાહ્ય અને અભ્યંતર તપમાં જે અતિચાર થયો હોય, ખરેખર ત્રિવિધે ત્રિવિધે હું સર્વ રીતે નિન્દુ છું.

૧૩) ધર્માનુષ્ઠાનમાં જે શક્તિ ગોપવી હોય તે વીર્યાચારના અતિચારને પણ હું ત્રિવિધે ત્રિવિધે નિંદુ છું.

૧૪) કોઈને હણ્યો હોય-દુર્વચન કહ્યું હોય, કોઈનું લીધું હોય-કોઈનો અપહાર કર્યો હોય તે બધા મને ક્ષમા આપો.

૧૫) મિત્ર-અમિત્ર-સ્વજન-દુશ્મન-બધા મને બધી વાતની ક્ષમા આપો સર્વને વિષે હું સમભાવવાળો છું.

૧૬) (૧૬/૧૭) તિર્યંચપણામાં તિર્યંચો, નરકમાં નરકો-દેવપણામાં દેવો - મનુષ્યપણામાં મનુષ્યો જેમને પણ મેં દુ:ખી કર્યા હોય તે બધા મને ક્ષમા આપો. હું તેમને ખમાવું છું. મારે ખરેખર સર્વની સાથે મૈત્રી હોજો.

૧૭) પવનથી સમુદ્રમાં ઉત્પન્ન થયેલ તરંગોની જેમ–જીવિત યૌવન–લક્ષ્મી–રૂપ–પ્રિય સમાગમ એ બધું ચલિત છે.

૧૮) વ્યાધિ–જન્મ–ઘડપણ–મૃત્યુના પંજામાં સપડાયેલાં પ્રાણીઓને જિન કથિત ધર્મ સિવાય કોઈ બીજું શરણ નથી.

૧૯) સર્વ જીવો તારે માટે સ્વજન અને પરજન બન્યા છે માટે તે સર્વ જીવો ઉપર કોણ રાગ અને દ્વેષ કરે?

૨૦) આત્મ એકલો ઉત્પન્ન થાય છે. એકલો મરણ પામે છે એકલો સુખ અનુભવે છે. દુ:ખો પણ પોતે જ એકલો સહે છે.

૨૧) શરીર આત્માથી જુદું છે. ધન–ધાન્ય જુદાં છે, બંધુઓ અન્ય છે, આત્મા પોતે પણ અન્ય છે. હે જીવ? તું ખાલી મોહ શા માટે કરે છે?

૨૨) ચરબી–રુધિર–માંસ–હાડકાં–કલેજું–વિષયસુખથી ભરપૂર અશુચિના ભંડારસમ શરીરમાં કોણ કોણ બુદ્ધિમાન મોહ પામે?

૨૩) લાલનપાલન–કરાખેલ આ શરીર નાશવંત છે અને ભાડુતી ઘરની જેમ જલ્દીથી તેને છોડવાનું છે.

૨૪) હરકોઈ દેહધારી ધીર કે બીકણે મરવાનું છે. બુદ્ધિમાને તે રીતે મરવું કે જેથી મરણ રહેજ નહિ.

૨૫) શ્રી અરિહંત ભગવંત મારા શરણ છે. શ્રી સિદ્ધ ભગવંતો અને શ્રી સાધુ ભગવંતો મારા શરણ છે અને કેવલી કથિત ધર્મ એ ઊંચામાં ઊંચું શરણ છે.

૨૬) જિનધર્મ મારી માતા છે, ગુરુ એ મારા પિતા છે, સાધુઓ સહોદર છે. સાધર્મિકો મારા બાંધવો છે. બધી વસ્તુઓ પ્રપંચ જાળ છે.

૨૭) રૂષભાદિ સર્વ તીર્થંકરોને હું નમસ્કાર કરું છું. ભરત–ઐરાવત–મહાવિદેહના શ્રી અરિહંત દેવોને પણ હું નમસ્કાર કરું છું.

૨૮) તીર્થંકરોને કરેલ નમસ્કાર શરીરધારીઓને કર્મનાશ માટે થાય છે. તે નમસ્કાર ઉચ્ચ પ્રકારે બોધિ લાભના માટે થાય છે.

૨૯) હજારો ભવમાં ઉત્પન્ન થયેલ પાપના સમૂહને ધ્યાનરૂપી અગ્નિથી જેઓએ બાળી નાંખ્યા છે. તે સિદ્ધ ભગવંતોને હું નમસ્કાર કરું છું.

૩૦) ભવનો ઉચ્છેદ કરવામાં સદા ઉધમવંત, પંચાચાર વડે પ્રવચનને ધરનારા એવા આચાર્યોને નમસ્કાર થાઓ. નમસ્કાર થાઓ.

૩૧) સર્વ શ્રુતને ધારણ કરનારા–શિષ્યોને ને શ્રુતને ભણાવનારા એવા ઉપાધ્યાય મહાત્માઓને ઉચ્ચ ભાવથી નમસ્કાર હો.

૩૨) લાખો ભવોમાં બાંધેલાં પાપોને નાશ કરનારા, શીલ વ્રતથી યુક્ત સાધુઓને વારંવાર નમસ્કાર હો.

૩૩) પાપયુક્ત પ્રવૃતિ અને અભ્યંતર ઉપાધિને ત્રિવિધે ત્રિવિધે જીવનભર માટે હું વોસીરાવું છું.

૩૪) જીવનભરના માટે ચાર પ્રકારના આહારને હું તજું છું. છેલ્લા શ્વાસે આ દેહને પણ હું વોસીરાવું છું.

૩૫) દુષ્કર્મની નિંદા, ગર્હા, પ્રાણીવર્ગની ક્ષમાપના, ભાવના ચાર શરણા નમસ્કાર અને અનશન મારી

jainuniversity.org

સમાધિ માટે થાઓ.

૩૬) આ પ્રમાણે અનંત ઉપકારી પરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના જીવે પચીસમા ભવમાં આ જ ભરતક્ષેત્રમાં છત્રિકા નગરીમાં જિતશત્રુ રાજાની ભદ્દંરા નામે રાણીના કુક્ષે. પચ્ચીસ લાખ વરસના આયુષ્યવાલા નંદન નામે પુત્ર થયા હતા.

૩૭) જન્મથી ચોવીસ લાખ વરસ ગયા પછી પોટ્ટીલાચાર્ય પાસે દીક્ષા લીધી. પછી નંદન મુનિએ જિંદગી પર્યંત માસખમણો કરીને વીશ સ્થાનક તપનું આરાધન કરી. તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હતું.

૩૮) નંદન મુનિએ કુલ્લે ૧૧,૮૦,૬૪૫ અગિયાર લાખ એંશી હજાર છસોને પિસ્તાલીસ માસ ખમણ કરી એક લાખ વરસનું ચારિત્ર પાળી, એક મહિનાની સંલેખના કરી અંતિમ આરાધના કરી હતી.

## અંતસમયની સજ્ઝાયુ

ભાવના ભાવો તુમ એણી પરે, મૃત્યુ આવે નજીક જી;
હું રે અભેદી અનાદિ છું, મારે તો શી બીકજી ॥૧॥ ભાવના

હું રે આત્મા અનાદિ છું, અનાદિ ગુણોનો ધરનારજી;
મૃત્યુ ભલે રે આવતું, હું તો નથી ડરનારજી; ॥૨॥ ભાવના

આ તો ભાડાની કોટડી, ખાલી ગુણોનો ધરનારજી;
પુદગલ નાશ થતાં થકી, ઓ આત્મા તારું શું જાયજી; ॥૩॥ ભાવના

મોંઘો માનવ ભવ મેલવી, કાંઈ ન કર્યું તે હિતજી;
જીનવાણી નહિ સાંભળી, વળગી ઝાઝી જંજાળજી ॥૪॥ ભાવના

રાગને દ્વેષથી કલેશમાં, કાઢ્યો, સઘળો કાળજી;
અરિહંતની વાણી નહિ સાંભળીજી, વળગી ઝાઝી જંજાળજી ॥૫॥ ભાવના

હવે પસ્તાવો મુજને થાય છે, પારાવારજી;
કરુણાવંત કરુણા કરી, તારો મુજને આ ભવમાંહીથી ॥૬॥ ભાવના

અરિહંત સિદ્ધ સાધુનું, શરણું હોય સદાયજી;
ધર્મતણું શરણ હોજો, મુજને હોજો ભવોભવ માંહીજી ॥૭॥ ભાવના

અંત સમયની છે આરાધના, આરધો તે નરનારજી,
સાર નથી આ સંસારમાં, અરિહંત ધ્યાન છે સારજી ॥૮॥ ભાવના

jainuniversity.org

## અંત સમયે પચ્ચખાણ કરવાની વિધિ :

### નવકાર મંત્ર બોલો

ધારણા અભિગ્રહ પચ્ચખામિઈ અન્નત્થણા ભોગેણં - સહસાગારેણં - મહત્તરાગારેણં - સવ્વસમાહિ વતિયાગારેણં વોસિરઈ.

## પુણ્ય પ્રકાશનું સ્તવન

સકળ સિદ્ધિદાયક સદા, ચોવિશે જીનરાય; સદ્‌ગુરૂ સ્વામીની સરસ્વતી, પ્રેમે પ્રણમું પાય. ૧.

ત્રિભુવનપતિ ત્રિશલાતણો, નંદનગુણ ગંભીર; શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨.

એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ; ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩.

મુક્તિમારગ આરાધીએ, કહો કેણીપરે અરિહંત; સુધા સરસ તવ વચનરસ, ભાખે શ્રી ભગવંત ૪.

[૧]અતિચાર આલોઈએ, [૨]વ્રત ધરીએ ગુરૂ સાખ; [૩]જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ ૫.

વિધિશું વળી વોસિરાવીએ, [૪]પાપસ્થાનક અઢાર; [૫]ચારશરણ નિત્ય અનુસરો, [૬]નિંદો દુરિત અચાર. ૬.

[૭]શુભકરણી અનુમોદીએ, [૮]ભાવભલો મન આપ; [૯]અણસણ અવસર આદરી, [૧૦]નવપદ જપો સુજાણ.૭.

**શુભગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર; ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર.** ૮.

### ઢાળ - ૧ (રાગ- સિદ્ધ ચક પદ વંદો)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર;

એહ તણા ઈહ ભાવ પરભવના, **આલોઈએ અતિચાર રે.**

પ્રાણી જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વંદે એમ વાણી રે. પ્રાણી જ્ઞા...૧

ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનયે, કાળે ધરી, બહુમાન;

સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાન રે. પ્રાણી જ્ઞા...૨

જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાલી;

તેહતણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે. પ્રાણી જ્ઞા...૩

**ઈત્યાદિ વિપરીતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ;**

**આભવ પરભવ વળી રે, ભવોભવ મિચ્છામિ દુક્કડં તેહ રે. પ્રાણી**

સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વંદે એમ વાણી રે પ્રાણી સ...૪

jainuniversity.org

જીન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ;

સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે પ્રાણી સ...૫

મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીયે;

સાહમ્મીને ધર્મે કરી થીરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે પ્રાણી સ...૬

સંઘ ચૈત્ય પ્રસાદ તણો જે. અવર્ણવાદ મન લેખ્યો;

દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતા ઉવેખ્યો રે. પ્રાણી સ...૭

**ઈત્યાદિ વિપરીતપણાથી; સમકિત ખંડયું જેહ;**

આ ભવ પરભવ વળી રે ભવોભવ, **મિચ્છામિદુક્કડં તેહ રે પ્રાણી**

ચારિત્ર લ્યો ચિત્ત આણી, વીર વંદે એમ વાણી રે. પ્રાણી સ...૮

પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય;

સાધુ તણે ધર્મે પ્રમાદે, અશુદ્ધ વચન મન કાય રે. પ્રાણી ચા...૯

શ્રાવકને ધર્મે સામાયિક, પોસહમાં મન વાળી;

જે જયણાપૂર્વક એ આઠ, પ્રવચન માય ન પાળી રે. પ્રાણી ચા...૧૦

**ઈત્યાદિ વિપરીતપણાથી, ચારિત્ર ઢહોળ્યું જેહ;**

આભવ પરભવ વળી રે ભવોભવ, **મિચ્છામિદુક્કડં તેહ રે.** પ્રાણી ચા...૧૧

બાર ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શક્તે;

ધર્મે મન વચ કાયા વીરજ, નવિ ફોરવીયુ ભગતે રે. પ્રાણી ચા...૧૨

**તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ;**

આ ભવ પરભવ વળી રે ભવોભવ, **મિચ્છામિદુક્કડં તેહ રે.** પ્રાણી ચા...૧૩

વળી ય વિશેષ ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ;

વીર જિણેસર વયણ સુણીને, પાપ મલ સવિ ધોઈએ રે. પ્રાણી ચા...૧૪

## ઢાળ – ૨ (રાગ સંભવ જિનવર)

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યા એ,

કરી કરસણ આરંભ, ખેત્ર જે ખડીયાં કુવા તળાવ ખણાવીયા એ. ૧

કરી આરંભ અનેક, ટાંકાં ભોંયરા, મેડી માળ ચણાવીએ,

લીપણ ગુપણ કાજ એણી પરે પરે, પૃથ્વીકાય વિરાધીએ. ૨

ધોંયણ નાહણપાણી, ઝીલણ અપ્કાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ,

કાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા લીહાલાગરાયાએ. ૩

તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતીએ,

એણી પરે કર્માદાન, પરે પરે કેવળી, તેઉ વાઉ વિરોધીયાએ. ૪

વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચુંટીયાએ,

પોક પાપડી શાક, શેક્યાં, સુકવ્યાં, છેદ્યાં છુદ્યાં આથીયાએ. ૫

અળશીને એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ,

ઘાલી કોલુ માંહે, પીલી સેલડી, કંદ મૂળ ફળ વેચીયાએ. ૬

**એમ એકેન્દ્રિય જીવ,** હણ્યા હણાવીયા હણતા જે અનુમોદિયાએ,

આભવ પરભવ જેહ, વલી રે ભવોભવતે, **મિચ્છામિદુક્કડંએ** ૭

કૃમિ સરમીયા કીડા ગાડર ગંડોલા, ઈયલ પોરા અલશીયાએ,

વાળો જળો ચુડેલ, વિચલિત, રસ તણા, વળી અથાણાં પ્રમુખના ૮

**એમ બેઈંદ્રિય જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છામિદુક્કડંએ.**

ઉધેહી જૂ લીખ, માંકડ મંકોડા, ચાંચડ કીડી કુંથુઆએ ૯

ગદ્દૈહિઆં ધીમેલ, કાનખજૂરડા, ગીગોડા ધનેરીયાએ,

એમ **તેઈંદ્રિયજીવ**, જે મેં દુહવ્યા તે મુજ **મિચ્છામિદુક્કડં**એ ૧૦

માખી મચ્છર ડાંસ, મસા પતંગીયા, કંસારી કોલિયાવાડાએ.

ઢીંકણે વિંછુ તીડ, ભમરા ભમરીઓ, કુતાં બગ ખડમાકડીએ ૧૧

એમ **ચૌરિંદ્રિયજીવ,** જે મે દુહવ્યા તે મુજ **મિચ્છામિદુક્કડં**એ

જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા, વનમાંમૃગ સંતાપીયાએ ૧૨

પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ

એમ **પંચેન્દ્રિય**, જેમેં દુહાવ્યા તે મુજ **મિચ્છામિદુક્કં** એ ૧૩

### ઢાળ – ૧ (રાગ: સુખ દુ:ખ સરજ્યા)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યાં વચન અસત્ય,

કુડ કરી ધન પારકાજી, લીધાં જેહ અદત્ત રે,

**જિનજી મિચ્છામિદુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે**

**જિનજી દેઈ સારૂં કાજરે જિનજી મિચ્છામિદુક્કડં આજ** ૧

દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યાં જેહ,

jainuniversity.org

વિષયારસ લંપટપણેજી, ઘણું વિડંબ્યો દેહ રે, જિનજી... ૨

પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવ મેલી આથ;

જે જીહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવે સાથ રે, જિનજી... ૩

રયણી ભોજન જે કર્યાજી, કીધાં ભક્ષ અભક્ષ,

રસના રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષ રે, જિનજી... ૪

વ્રત લેઈ વિસારીયાજી, વળી ભાંગ્યા પચ્ચક્ખાણ;

કપટ હેતું કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે, જિનજી... ૫

ત્રણ ઢાલ આઠે દુહેજી, આલોયા અતિચાર,

શિવગતિ આરાધન તણોજી**એ પહેલો અધિકાર રે,** જિનજી... ૬

## ઢાળ – ૪ (રાગ)

પંચ મહાવ્રત આદરો, સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો;

**યથાશક્તિ વ્રત આદરો,** સા. પાળો નિરતિચાર તો. ૧

વ્રત લીધા સંભારીએ, સા. હૈડે ધરીએ વિચાર તો;

શિવગતિ આરાધન તણો સા, એ **બીજો અધિકાર તો,** ૨

જીવ સર્વે ખમાવીએ, સા યોનિ ચોરાશી લાખ તો,

મન શુદ્ધે કરો ખામણાં સા, કોઈ શું રોષ ન રાખ તો. ૩

સર્વ મિત્ર કરી ચિંતવો, સા કોઈ ન જાણો શત્રુ તો,

રાગ દ્વેષ એમ પરિહરો, સા, કીજે જન્મ પવિત્ર તો. ૪

સાહમી સંઘ ખમાવીએ સા, જે ઉપની અપ્રીત તો;

સજ્જ કુટુંબ કરો ખામણાં સા, એ જિનશાસન રીત તો. ૫

ખમીએ ને ખમાવીએ, સા. એહિ જ ધર્મનો સાર તો;

શિવગતિ આરાધનતણો, સા. એ ત્રીજો અધિકાર તો ૬

મૃષાવાદ હિંસા ચોરી, સા. ધન મૂર્છા મૈથુન તો;

ક્રોધ માન માયા તૃષ્ણા, સા. પ્રેમ દ્વેષ પેશુન્ય તો. ૭

નિંદા કલહ ન કીજીએ, સા. કુડાં ન દીજે આળ તો;

રતિ અરતિ મિથ્યા તજો, સા. માયા મોસ જંજાળ તો. ૮

ત્રિવિધ ત્રિવિધ વોસિરાવીએ, સા. પાપસ્થા અઢાર તો,

શિવગતિ આરાધન તણો, સા. એ ચોથો અધિકારતો. ૯

## ઢાળ – ૫ (રાગ : શાસન નાયક વિરજી)

જન્મ જરા મરણે કરીએ, આ સંસાર અસાર તો,

કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો ૧

શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો,

શરણ ધર્મ શ્રી જિનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨

અવર મોહ સવિ પરિહરીએ, **ચાર શરણ ચિત્ત ધાર તો,**

શિવગતિ આરાધન તણોએ, **એ પાંચમો અધિકાર તો.** ૩

આ ભવ પરભવ જે કર્યાં એ, પાપકર્મ કેઈ લાખ તો;

આત્મ સાખે તે નિંદીએ, પડિક્કમીએ ગુરૂ સાખ તો. ૪

મિથ્યામત વર્તાવીયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો;

કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫

ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ હથીયાર તો;

ભવ ભવ મેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬

પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો;

જનમાંતર પહોત્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭

આ ભવ પરભવ જે કર્યાં એ, એમ અધિકરણ અનેક તો;

ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮

**દુષ્કૃત નિંદા એમ કરીએ,** પાપ કરો પરિહાર તો;

શિવગતિ આરાધન તણો એ, **એ છઠ્ઠો અધિકાર તો.** ૯

jainuniversity.org

## ઢાળ – ૬ (નામ ઈલાપુત્ર જાણીયે)

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શીયળ તપ ભાવના, ટાળ્યા દુષ્કૃત કર્મ ધન ૧

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર, જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર ધન ૨

પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિનવર જિન ચૈત્ય, સંઘ ચતુર્વિધ એ સાતે ખેત્ર ધન ૩

પડિકમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન, સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. ધન ૪

ધર્મ કાજ અનુમોદીએ, એમ વારોવાર; શિવગતિ આરાધન તણો, **એ સાતમો અધિકાર.** ધન ૫

ભાવ ભલો મન આપીએ, ચિત્ત આણી ઠામ, સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન ૬

સુખ દુ:ખ કારણ જીવને, કોઈ અવર ન હોય; કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન ૭

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ, છાણ ઉપર તો લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન ૮

ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર; શિવગતિ આરાધન તણો, **એ આઠમો અધિકાર.** ધન ૯

## ઢાળ – ૭ (રાગ–જય જય ભવિ હિતકર)

હવે અવસર જાણી, કરી સંલેખન સાર; અણસણ આદરીયે, પચ્ચખી ચારે આહાર;

લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ, એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ ૧

ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંકા; પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક;

દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ; એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨

ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર; અણસણ આરાધી, પામ્યા ભવ પાર;

શિવમંદિર જશે, કરી એક અવતાર, આરાધન કેરો, **એ નવમો અધિકાર.** ૩

**દશમે અધિકારે, મહામંત્ર નવકાર,** મનથી નવિ મુકો, શિવસુખ ફલ સહકાર;

એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર; સુપરે એ સમરે, ચૌદ પુરવનો સાર. ૪

જનમાંતર જાતાં, જો પામે નવકાર; તો પાતિક વાળી, પામે સુર અવતાર;

એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર; આ ભવને પરભવે, સુખ સંપતિ દાતાર. ૫

જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય; નવપદ મહિમાથી રાજસિંહ મહારાય;

રાણી રત્નવતી બેહુ પામ્યાં છે સુરભોગ; એક ભવ પછી લેશે, શિવવધૂ સંજોગ. ૬

શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તતકાળ; ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાળા;

શિવકુંવરે જોગી, સોવન પુરિસો કીધ; એમ એણે મંત્રે; કાજ ઘણાના સિધ્ધ ૭

**એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો; આરાધના કેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો;**

**તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો; જિન વિનય કરંતા, સુમતિ અમૃત રસ ચાખ્યો.** ૮

## ઢાળ – ૮ (રાગ મનના મનોરથ સવિ)

સિદ્ધારથ રાયકુળ તિલોએ, ત્રિશલા માત મલ્હારતો,

અવની તળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર જયો જિન વીરજીએ ૧

મેં અપરાધ કર્યા ઘણાં એ, કહેતા ન લહું પાર તો, તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર ૨

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજતો, આવ્યાને ઉવેખશો એ; તો કેમ રહેશ લાજ ૩

કરમ અલુજણ આકરાંએ, જન્મ મરણ જંજાળ તો; હું છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાલ ૪

આજ મનોરથમુજ ફળંયાએ, નાઠાં દુઃખદંદોલ તો; તુઠ્યો જિન ચોવીશમોએ, પ્રકટયા પુન્ય કલ્લોલ ૫

ભવેભવે વિનય ચુમારડોએ, ભાવ ભક્તિ તુમ પાય તો,

દેવ દયા કરી દીજીએ એ, બોધિ બીજ સુપસાય ૬

jainuniversity.org

## કળશ

ઈહ તરણ તારણ સુગતિ કરણ, દુઃખ નિવારણ જગ જયો,

શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો. ૧

શ્રી વિજય દેવસૂરીદ પટધર, તીરથ જંગમ એણી જગે,

તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજે ઝગમગે. ૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો,

તસ શિષ્ય વાચક વિનય જિજયે થુણ્યો જિન ચોવીશમો. ૩

સયસત્તર સંવત ઓગણત્રીશે; રહી રાંદેરચોમાસએ;

વિજય દશમી વિજય કારણ કીઓ ગુણ અભ્યાસએ ૪

નર ભવ આરાધન સિદ્ધિસાધન, સુકૃત લીલ વિલાસએ,

નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુણ્ય પ્રકાશ એ. ૫

jainuniversity.org

jainuniversity.org